અપીલ અરજી નં.૨૮૫ તા.૨–૧–૦૯

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૦–૧૧–૦૮ની અરજીથી તા.૧૬–૭–૦૮ ના રોજ વિગતવાર કમિશ્નર,આસી.કમિશ્નર,કાર્યપાલક ઈજનેર,ડે.ઈજનેર (સે.ઝોન), અને વીજીલન્સ વિભાગને વિગતવાર અરજી કરેલ તેના અનુસધાંને તમામ વિભાગ તરફથી ૪/૩૬૦ વાળી મિલ્કતમાં જરી મશીન ચલાવવાના કારણે ૪/૩૫૯/અ વાળી મિલ્કતમાં અવાજ તેમજ ધ્રુજારી આવે છે તે બાબતે શું તપાસ અને કાર્યવાહી કરવામાં આવી તેની જવાબદારી સુમનપાની હોય તો તે બંધ કરાવવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૮૫/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૦–૧૧–૦૮ની અરજીથી તા.૧૬–૭–૦૮ ના રોજ વિગતવાર કમિશ્નર,આસી.કમિશ્નર,કાર્યપાલક ઈજનેર,ડે.ઈજનેર (સે.ઝોન), અને વીજીલન્સ વિભાગને વિગતવાર અરજી કરેલ તેના અનુસધાંને તમામ વિભાગ તરફથી ૪/૩૬૦ વાળી મિલ્કતમાં જરી મશીન ચલાવવાના કારણે ૪/૩૫૯/અ વાળી મિલ્કતમાં અવાજ તેમજ ધ્રુજારી આવે છે તે બાબતે શું તપાસ અને કાર્યવાહી કરવામાં આવી તેની જવાબદારી સુમનપાની હોય તો તે બંધ કરાવવા બાબતે પ્રતિભાવ નહીં મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૪૯ તા.૭–૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન) અને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી અને જાહેર માહિતી અધિકારીને તેમજ અરજદારને આધાર પુરાવા અને વાજબીપણા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી કક્ષાએથી નં.વીઆઈડી/૧૪૨૪ તા.૧૭–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડેલ છે. તેમજ નં.વીઆઈડી/૧૩૦૮ ના પત્રથી તા.૧૯–૧૨–૦૮ ના રોજ અરજદારને તા.૧૬–૭–૦૮ ની અરજી સબંધે વિગતેની કાર્યવાહીની માહિતી બાબતે વિગતો સેન્ટ્રલ ઝોન કક્ષાએથી મંગાવવામાં આવેલ છે અને તપાસ અધુરી હોય હાલ આ તબકકે કોઈ માહિતી આપી શકાય નહીં તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વીજીલન્સ વિભાગે માહિતી પૂરી પાડેલ છે. જે અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ પણ રજુ કરેલ છે. અરજદારે તા.૧૬–૭–૦૮ ની ફરીયાદ અરજીની નકલ રજુ કરેલ છે. શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી. કે માહિતી ઈન્કાર અંગે કોઈ અપવાદ રજુ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૧૧–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ખાતા કક્ષાએથી હકીકતલક્ષી માહિતી તપાસની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ દિન–૭ માં નિયત દસ્તાવેજ ફી ભરવા પાત્ર કિસ્સામાં કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી નિયત ફી ભરપાઈ કરાવી અત્રેની જાણ હેઠળ માહિતી પૂરી પાડવા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી અને જાહેર માહિતી અધિકારીને તથા સેન્ટ્રલ ઝોન કક્ષાએથી અરજદારને કોઈ જ પ્રત્યુત્તર પાઠવેલ ન હોય હુકમ અન્વયે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ વિના મુલ્યે દફતરી હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) અને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન અધિકારી ....જાણ તથા અમલ માટે

(૨)શ્રી હેમંત એન. દેસાઈ,